ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે જિલ્લામાં ૧૦૯ કેન્દ્રો પર ૩૬૦૬૦ ઉમેદવારો તલાટીની પરીક્ષા આપશે

## ૧૨૦૨ બ્લોક્સ નિયત : પરીક્ષા માટે ૨૬ રૂટ નિયત કરવામાં આવ્યા : ડમીકાંડની વાતોને લઈ બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રના પ્રવેશ દ્વાર પર હાઈ રિઝોલ્યુશન ધરાવતા કેમેરા લગાવાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આજે ૩૬૦૬૦ પરીક્ષાર્થીઓ તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે. આ પરીક્ષા માટે જિલ્લામાં ૧૦૯ કેન્દ્રોમાં ૧૨૦૨ બ્લોક્સ નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે યોજાનાર આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૨૬ રૂટ નિયત કરવામાં આવ્યા છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતના સરદાર હોલ નજીક ઉભા કરાયેલ સ્ટ્રોંગરૂમમાં આજે પરીક્ષાનું સાહિત્ય આવી પહોંચ્યુ હતુ તે પછી આ સ્ટ્રોંગરૂમને સીલ કરી દેવામાં આવેલ છે. આ સ્ટ્રોંગરૂમ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત લગાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત સીસીટીવી પર પણ નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં આજે યોજાનાર આ સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ તંત્રએ ખાસ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. આજે પણ બોર્ડની સૂચનાને પગલે કેન્દ્રો જે નિયત કરવામાં આવ્યા છે તેની ચકાસણી કરી અને રિપોર્ટ માંગવામાં આવ્યો હતો.

ડમીકાંડની વાતોને લઈ બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રના પ્રવેશ દ્વાર પર હાઈ રિઝોલ્યુશન ધરાવતા કેમેરા લગાવવામાં આવ્યા છે. જ્યાં પ્રવેશ કરતાં પહેલાં કોલ લેટર સાથે પરીક્ષાર્થીનો ચહેરો કેદ કરવામાં આવશે.

પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ માટેની સૂચનાઓ જે જુનિ. ક્લાર્ક વખતે હતી તે જ આ વખતે અમલી કરવામાં આવશે. પરીક્ષાર્થીથીએ બુટ-ચંપલ પરીક્ષા ખંડની બહાર કાઢીને જવાના રહેશે. તેમની સાથે તેઓ કોલ લેટર અને ઓળખના કાર્ડ તેમજ પેન સિવાય અન્ય કોઈ ચીજ લઈ જઈ શકશે નહિ.

આ પરીક્ષા કેન્દ્રો પર રૂટ સુપરવાઈઝરો પોલીસ સાથે પેપર કેન્દ્રો પર પેપર પહોંચાડશે. દરેક પરીક્ષા કેન્દ્ર પર સરેરાશ ૩૦૦ જેટલા પરીક્ષાર્થીઓ ફાળવવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્રો પર પણ બોર્ડના સુપરવાઈઝર, કેન્દ્ર સંચાલક તેમજ ફ્લાઈંગ સ્કવોર્ડના અધિકારીઓ નજર રાખશે. દરેક કેન્દ્રની વર્ગખંડની કોરીડોર પર પણ સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે. જિલ્લામાં પરીક્ષાની તૈયારીઓને લઈ આજે રૂટના વાહનો માટે પણ ખાસ પાર્કિંગની વ્યવસ્થા પંચાયતના પાર્કિંગમાં કરવામાં આવી છે. પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ કોઈ કર્મચારીના વાહનને પંચાયત સંકુલમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉમેદવાર પાસેથી કન્ફર્મેશન મેળવ્યા બાદ પરીક્ષાના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પરીક્ષાર્થીઓને પરીક્ષાના સ્થળે પહોંચવા માટે બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા યોજતાં પહેલાં કર્મચારીઓને પણ તાલિમબદ્ધ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર સંચાલકોને પણ તાલિમ આપવામાં આવી હતી.

# શહેરમાં દિવસે આકરા તાપ વચ્ચે રાત્રિનુ તાપમાન ઉંચકાયુ

## છેલ્લા પાંચ દિવસમાં ગરમીનો પારો ૪ ડીગ્રી ઉપર આવ્યો : બદલતા વાતાવરણ વચ્ચે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફાર નોંધાતા રાત્રીનું તાપમાન ચાર ડિગ્રી વધ્યું



ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં આકરા ઉનાળે છેલ્લા બે મહીનાથી રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. આકરી ગરમીના દિવસોમાં અત્યાર સુધી માંડ ગરમીનો પારો બે થી ત્રણ વાર ૪૦ ડીગ્રીની ઉપર ગયો છે. વરસાદી વાદળોની અવરજવર અને કમોસમી વરસાદના ઝાપટાથી ગરમીની આખી મોસમ જ હાંસિયામાં ધકેલાઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે દિવસથી ગરમીનુ જોર વધી રહ્યુ છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૮.૫ ડીગ્રી રહ્યા હતુ જયારે લઘુત્તમ તાપમાનનો પારો ૪ ડીગ્રી ઉંચકાયો હતો. દિવસે અંગ દઝાડતી ગરમી સાથે સાંજના સમયે પણ નગરજનોએ બફારાનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં છેલ્લા બે મહીના દરમિયાન એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટાના લીધે રોજબરોજ વરસાદી છાંટણા થતા સેકટરોમાં પણ ચોમાસાની જેમ ભીંજારાનો માહોલ જોવા મળે છે. દિવસ દરમિયાન બપોરે આકરો તાપ પડે છે અને સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવતા વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. ગત માર્ચ મહીનાથી સતત વાતાવરણમાં બદલાવ જોવા મળે છે. આકાશમાં સતત વરસાદી વાદળોની અવરજવર વચ્ચે ગમે ત્યારે માવઠુ થતા ભર ઉનાળે અષાઢી નઝારો સર્જાય છે. બે દિવસથી ધીમે ધીમે ગરમીનુ જોર પણ વધી રહ્યુ છે. આમ જોવા જઈએ તો મેં મહીનો અડધો પુરો થવા આવશે ત્યાં સુધી મહત્તમ તાપમાન માંડ બે થી ત્રણ વાર ૪૦ ડીગ્રીને પાર થયુ છે. ઉનાળાની આકરી ગરમી હજુ નગરજનોએ અનુભવી નથી આવા સંજોગોમાં રોજબરોજ ગરમીનો પારો એકાદ ડીગ્રી ચઢ ઉતર થયા કરે છે. વાતાવરણ પલ્ટાના અંતે છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં ચાર ડીગ્રીનો વધારો થયો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે આજે પણ ગરમીનો પારો ૩૮.૫ ડીગ્રીએ રહ્યો હતો. દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. આકરી ગરમીથી બચવા માટે વાહનચાલકો મોં પર બુકાની બાંધી જતા નજરે પડતા હતા. જો કે લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. વરસાદી વાતાવરણ વચ્ચે ન્યુન્નતમ તાપમાન અત્યાર સુધી ૨૨ થી ૨૫ ડીગ્રી વચ્ચે રહેતુ હતુ પરંતુ આજે અચાનક જ આ તાપમાનમાં ૪ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમીના પ્રમાણમાં અંશત : ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડિગ્રી નજીક આવી ગયુ હતુ જેના લીધે રાત્રિના સમયે પણ નગરજનો હવે ગરમી અનુભવી રહ્યા છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતુ હોવાથી ચોમાસા જેવો બફારો પણ નગરજનોની પરેશાનીનુ કારણ બન્યો છે. છેલ્લા બે મહીનાથી સતત મોસમમાં બદલાવ જોવા મળી રહ્યો છે. જયારે બદલાતા વાતાવરણ વચ્ચે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. વરસાદી ઝાપટા વચ્ચે સેકટરોમાં સમસ્યાઓ વધી રહી છે. તો મચ્છર અને જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. સતત બદલાતા રહેતા વાતાવરણથી નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે હજુ આગામી દિવસોમાં પણ વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદી વાદળો ગમે ત્યારે વરસી પડે તેવી સંભાવના છે.

# શહેરની શાળાઓમાં ૪૮૫ બાળકો મેદસ્વિતા ધરાવતા તો ૧૦૩ બાળકો કુપોષિત મળ્યા

## ૫૮ જેટલા બાળકો હૃદયની બિમારી તો ૮ બાળકોને કિડનીની ગંભીર બિમારી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓમાંથી ૪૮૫ જેટલા બાળકો મેદસ્વિતા ધરાવતા આરોગ્ય ચકાસણી અભિયાન દરમ્યાન મળી આવ્યા હતા.

આ આરોગ્ય ચકાસણી અભિયાનમાં ૧૦૩ જેટલા બાળકો કુપોષણથી પિડાતા પણ જણાઈ આવ્યા હતા.

સામાજિક જીવનશૈલીમાં આવી રહેલા બદલાવ અને વધુ પડતા જંકફૂડને કારણે મેદસ્વિતાનું પ્રમાણ વધી રહ્યુ છે જે સામાજિક ચિંતાનો મુદ્દો બન્યો છે. મેદસ્વિતાને કારણે અન્ય રોગો પણ થતા હોવાનું જણાઈ રહ્યુ છે. શહેરની ૩૨ સરકારી અને ખાનગી શાળાઓમાં આરોગ્યતંત્ર દ્વારા અભિયાન કરી ગંભીર બિમારી ધરાવતા બાળકો સહિતના બાળકો શોધવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે શહેરમાંથી ૫૮ જેટલા બાળકો હૃદયની બિમારી ધરાવતા મળી આવ્યા હતા જેમાં નવા અને જુના કેસોની સંખ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

કિડનીની ગંભીર બિમારી ધરાવતા ૮ બાળકો તેમજ બે બાળકો કેન્સરની બિમારી ધરાવતા મળી આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

શહેરમાં ૧૦૩ બાળકો જે કુપોષણની સેમ કેટેગરીમાં આવે છે તેવા મળ્યા હતા. કુપોષણની સમસ્યા પણ સામાજિક ચિંતાનો વિષય છે. શહેરના બાળકોમાં જીવનશૈલીની વિપરીત અસરો જેવી કે મેદસ્વિતા જોવા મળી રહી છે તે ચિંતાજનક છે.

શરીરની સ્થૂળતાને સામાન્ય રીતે ઉંચાઈના, વજનના સરેરાશમાં માપે છે. સરેરાશ ૨૫ થી વધુ બીએમઆઈનો ઓવરવેઈટ માનવામાં આવે છે.

તાજેતરના દિવસોમાં ચિંતાનો વિષય બનેલ સ્થૂળતાની સમસ્યાનું કારણ બદલાતી જીવનશૈલી, શારિરીક નિષ્ક્રીયતા અને બિન આરોગ્યપ્રદ ભોજનની ટેવો છે.

# હાશ, ૧૦૦ દિવસ બાદ શહેર અને જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નહીં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૦૦ દિવસ બાદ આજે એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી. શહેર-જિલ્લામાં એક સાથે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે.

આ વખતે કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ નોંધાયા હોવાથી ૯૫ ટકા દર્દીઓએ હોમ આઈસોલેશનમાં જ સારવાર લઈ અને રિકવરી પ્રાપ્ત કરી છે. શહેર જિલ્લામાં આ વખતે છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર, કલોલ અને માણસામાં કેસો વધુ જોવા મળ્યા તો શહેરના દરેક ખૂણામાંથી કેસો મળ્યા છે, પણ અગાઉની લ્હેરમાં સંવેદનશીલ વિસ્તારો જે હતા તેમાંથી કેસો જરૂર વધુ જોવા મળ્યા છે. શહેર-જિલ્લામાં ૪૭૦ જેટલા કોરોનાના કેસો ૧લી જાન્યુઆરીથી આજ સુધીમાં નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ મે ના પ્રારંભથી જ જોવા મળ્યો હતો. જો કે છુટા છવાયા કેસો મળતા હતા. ઘટાડાનો આ ટ્રેડ હવે કોરોનામુક્ત જિલ્લા તરફ આગળ વધી રહ્યો છે.

વૈશ્વિક મહામારી તરીકે હવે કોરોના નથી રહયો તેવી જાહેરાતને ગાંધીનગર શહેર જિલ્લાએ સમર્થન આપ્યું હોય તેમ એક પણ કેસ આજે નોંધાયો નથી. હવે કોરોનાના આંકડા અને કોરોનાની વિગતો જાણવામાં જનસમુદાયને રસ રહયો નથી. કોઈના મનમાં કોરોના અંગેનો ભય કે ચિંતા સહેજ પણ રહી નથી.

# કુડાસણમાં ગંદા પાણીના નિકાલ માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત બાદ પણ તંત્રની નિરસતા

## પી એમ કાર્યાલય સુધી રજુઆત કરવામાં આવી પરંતુ સમસ્યાનો ઝડપી ઉકેલ આવતો નથી

કુડાસણ વિસ્તારમાં પીવાના પાણી અને ગંદા પાણીના નિકાલ માટેની ગટરના વ્યવસ્થાપન સંદર્ભે વડાપ્રધાન કાર્યાલય સુધી રજૂઆતો કરવામાં આવી છે આમ છતાં આ મામલે હજુ સુધી કોઈ પરિણામ મળ્યું નથી આ અંગે કરવામાં આવેલી રજુઆત ના અંતે વર્ષ ૨૦૨૧માં ગુડાએ ટેન્ડર પ્રક્રિયા શરૂ કર્યાનું જણાવ્યુ હતું. હવે વર્ષ ૨૦૨૩માં ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજુરી હેઠળ હોવાના કોર્પોરેશનના જવાબથી અચરજ ઉભી થઈ છે

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં વર્ષોના અંતે પણ હજુ માળખાગત સુવિધાના કામોનું ઠેકાણું પડ્યું નથી ઘણા વિસ્તારમાં પાણી ગટર અને લાઈટ જેવી પાયાની સુવિધાઓના અભાવે પણ સ્થાનિકોનો રોષ પ્રબળ બન્યો છે. આમ નાગરિકોનો રોષ ચરમ સીમાએ પોહચે ત્યાર બાદ તે દિશામાં આયોજન કરવાની ગતિવિધિ હાથ ધરવામાં આવે છે. કુડાસણની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા પિયુષકાન્ત મહેતાએ મુદ્દે મુખ્યમંત્રી અને વડાપ્રધાન કાર્યાલયમાં રજૂઆતો કરતાં સ્થાનિક તંત્ર દોડતું થયું છે જો કે હજુ સુધી સમગ્ર મામલો ટેકનિકલ ગુંચવણમાં જ ઉલજાયેલો છે

વડાપ્રધાન કાર્યાલયમાં થયેલી રજુઆત સંદર્ભે વર્ષ ૨૦૨૧ના ફેબ્રુઆરી મહિનામાં ગુડાએ જવાબ આપ્યો હતો કે કુડાસણ વિસ્તારમાં ગટર ને પાણીની સુવિધા આપવા ઈ ટેન્ડરીંગ કરવામાં આવ્યું છે અને અજન્સી નિયત થયેથી પાણી અને ગટરના નેટવર્ક નાંખવાની કામગીરી કરાશે. જે પુરી થતાં નિયમાનુસાર અરજી કરવાથી જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. આ મુદ્દે જ ૨૬ મહિના પછી એપ્રિલ ૨૦૨૩માં મહાપાલિકાના પ્રતિ ઉત્તરમાં ગટર લાઈન અને નર્મદાનું પાણી આપવા માટે કન્સલ્ટન્સી પાસે નકશા, અંદાજ સહિત ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવાયો છે અને ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજુરી હેઠળ હોવાથી તેના અંતે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા બાદ કામગીરી સોંપવામાં આવશે. ગાંધીનગરનો સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં સમાવિષ્ટ છે આમછતાં ઘણા ઠેકાણે છેવાડાના ગામ જેવા દ્રશ્યો જોવા મળે છે કુડાસણના ગ્રીનપાર્ક વિસ્તારમાં ગંદા પાણીનો નિકાલ હજુ પણ ખાળકુવામાં કરવામાં આવે છે. આ સમસ્યાને ડામવા આ વિસ્તારમાં ગટર લાઈન અનિવાર્ય છે . પરંતુ સરકારી તંત્ર આ મામલે રસ દાખવતું નથી આ મામલે મુખ્યમંત્રી અને વડાપ્રધાન કાર્યાલયને ફરિયાદ કરાશે.







રોમાંચક મુકાબલાનું મુકામ.. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત એકાર્થ જીસીએફ ક્રિકેટ મેચ ટૂર્નામેન્ટ તેના અંતિમ ચરણમાં પ્રવેશી છે.. શનિવારે ટેનિસ બોલની સેમિફાઈનલ રમાઈ હતી. જયારે રવિવારે મેચીસ બોલની સેમિફાઈનલ મેચ રમાશે અને સોમવારે બન્નેના ફાઈનલ મુકાબલા માણવા મળશે. છેલ્લા ૧૭ દિવસથી ૪૬ ટીમો વચ્ચે રમણીય વાતાવરણમાં રોમાંચક મુકાબલા યોજાયા હતા.

# શહેરમાં નવા આવાસો બાંધવાની સાઈટ નિયત કરવા પ્રેઝન્ટેશનના અંતે નિર્ણય લેવાશે

## સેકટરોમા જુના આવાસોનો કડુસલો કરાયા બાદ ખુલ્લી જગ્યાને અનુલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો હતો : ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરાયા બાદ નવી ટાવર કોલોની બાંધવા માટે સેકટર નક્કી કરાશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગર શહેરના સેકટરોમાં વર્ષો જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ચાલતી આ કામગીરીના અંતે એક જમાનામાં સરકારી વસાહતથી ધમધમતા સેકટરોમાં હાલ ખાલીપો જોવા મળી રહ્યો છે. તો બીજીતરફ શહેરના માંડ ચાર સેકટરોમાં જ નવા આવાસો બાંધવાનુ કામ હજુ સુધી કરવામાં આવ્યુ છે. ત્યારે સે-૧૬ સે-૧૭ અને સે-૨૨ સહીતની જગ્યાએ નવા આવાસો બાંધવામાં આવે તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે નવી ટાવર કોલોનીના નિર્માણ માટે હજુ સુધી સ્થળ પસંદગી કરવામાં આવી નથી પરંતુ સેકટરોમાં ઉપલબ્ધ ખાલી જગ્યાનો અભ્યાસ કરી દેવાયો છે. ટુંકમાં જ જગ્યા પસંદ કરવા માટે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરાશે જેના અંતે નવા આવાસની સાઈટ પણ નક્કી કરાશે.

ગાંધીનગરમાં સાડા ચાર દાયકાથી પણ જુના સરકારી આવાસો સમય જતા હવે ભયજનક હાલતમાં છે. જુના અને જર્જરિત આવાસો તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા એક દાયકામાં સેકટરોમાંથી વિવિધ કક્ષાના આવસોને જમીન દોસ્ત કરી દેવાયા છે. જોખમી મકાનોમાં છતમાંથી પોપડા ખરવાની ફરિયાદો પણ વધી હતી. જયારે વરસાદી દિવસોમાં પણ આવા બ્લોક ગમે ત્યારે જાનલેવા પણ પુરવાર થાય તેવી દહેશત પણ પ્રબળ બની હતી જો કે તંત્ર દ્વારા તબક્કાવાર દરખાસ્ત કરીને વિભાગ કક્ષાએથી મંજુરી અપાયા બાદ જુદા જુદા સેકટરોમાં આવાસો તોડવાની કામગીરી પણ લાંબા સમયથી ચાલી રહી છે. એક બાદ એક સેકટરોમાં જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જેના લીધે સેકટરોમાં જગ્યા પણ ખુલ્લી થઈ રહી છે. જયારે અત્યાર સુધીમાં સે-૬ સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. ત્યારે જે સેકટરોમાંથી મોટા પ્રમાણમાં જુના આવાસોનો કડુસલો કરવામાં આવ્યો છે તેવા સેકટરોમાં ખાલીપો જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં આવા સેકટરોમાં પણ નવા ટાવર બાંધવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. શહેરમાં હજુ નવા આવાસો બાંધવાનુ આયોજન છે. અલબત્ત લાંબા સમયથી આ મામલે જગ્યા આખરી કરવામાં આવી નથી ખુલ્લી જગ્યાનો ચિતાર મેળવીને તંત્રએ સર્વે અને અભ્યાસ પણ કર્યો છે. જો કે લાંબ સમયથી સાઈટની પસંદગી થઈ નથી. સેકટરોમાં હજુ પણ જોખમી મકાનોને અનુલક્ષી આગામી દિવસોમાં કેટલી જગ્યા ખુલ્લી થશે તે અંગે પણ તાગ મેળવવામાં આવી રહ્યો છે. જયારે હાલ ઉપલબ્ધ ખુલ્લી જગ્યાને અનુલક્ષીને પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યુ છે. સે-૨૨ , સે-૧૬ અને સે-૧૭ માં નવા આવાસ બાંધવા માટે આયોજન કરવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે વિભાગના અધિકારીઓ દ્વારા આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે જેમાં સેકટરોમાં ઉપલબ્ધ ખુલ્લી જગ્યાને અનુલક્ષી નવા આવાસ બાંધવા માટે કઈ રીતે આયોજન કરવુ તે અંગે પણ વિશેષ અભ્યાસ કરવામાં આવશે જેના અંતે કયા સેકટરમાં આવાસ નિર્માણની યોજનાનુ કામ હાથ ધરવુ તે અંગે પણ આખરી નિર્ણય લેવાશે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૧.૫૬ લાખ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ

## વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ગુજરાતને સાત કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત થયા



ગાંધીનગર, તા.૬

પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશના અન્ય રાજ્યોની સરખામણીએ અગ્રેસર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ ૧૧.૫૬ લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ પૈકી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ ૭.૫૦ લાખ આવાસો, જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૪.૦૬ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારના લોકોને ઝૂંપડપટ્ટીમાંથી મુક્ત કરવા તેમજ શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોસાય તેવી કિંમતે ઘર મળી રહે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જાહેર કરી હતી. વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ CLSS, બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ ARHC અંડર મોડલ-૦૧, બેસ્ટ AHP પ્રોજેક્ટ અંડર PPP મોડેલ, બેસ્ટ સ્ટેટ ફોર કન્વર્જન્સ વિથ અધર મિશન, સ્ટેટ વિથ મેક્સિમમ ટેક્નોગ્રાહી વિઝિટ એટ LHP સાઈટ, બેસ્ટ પર્ફોર્મિંગ SLTC અંડર PMAY (U), બેસ્ટ પર્ફોર્મિંગ મ્યુનિસિપલ કાઉન્સિલ (ઉના નગરપાલિકા) જેવી ૭ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે,




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com